આદર્શ સંસ્કાર તીર્થ ધનપના વિદ્યાર્થીઓએ આઈટીઆઈ ગાંધીનગરની મુલાકાત લીધી

આદર્શ સંસ્કાર તીર્થ ધણપના એપરલ ટ્રેડના વિદ્યાર્થીઓએ અરુણાબેન પટેલ અને હીનાબેન ઝાલાના માર્ગદર્શન હેઠળ આઇ ટી આઈ ગાંધીનગરની મુલાકાત લઈ વિવિધ ટેકનિકલ કોર્ષની વિસ્તૃત જાણકારી મેળવી હતી.

સ્વામિનારાયણ યુનિવર્સિટી અને સાયબર ઓક્ટેડ કંપની વચ્ચે એમ.ઓ.યુ.

ગાંધીનગર, તા.૪

સ્વામિનારાયણ વિશ્વમંગલ ગુરુકુળ, કલોલ સંચાલિત સ્વામિનારાયણ યુનિવર્સિટી, ફેકલ્ટી ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી અને સાઈબર ઓક્ટેડ પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે એમઓયુ કરવામાં આવ્યા હતા. આ એમઓયુના ભાગરૂપે સ્વામિનારાયણ યુનિવર્સિટીમાં એડવાન્સ ટેકનોલોજી સંદર્ભે વિવિધ પ્રકારના ટેકનીકલ પ્રોગ્રામને વૈશ્વિક માંગ મુજબ તૈયાર કરી અને વિદ્યાર્થીઓને રોજગારી ની સારી તકો મળે એ હેતુથી આ પ્રકારે વિશેષ બેઠક ગોઠવવામાં આવી હતી.

તાજેતરમાં થયેલ એમઓયુ પ્રમાણે સ્વામિનારાયણ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ શ્રી ડો.(પ્રો) એમ. એસ. રાવ સાહેબે જણાવ્યું હતું કે હાલના સમયમાં સાઈબર ક્રાઈમ સાઈબર ક્રાઈમ સાઈબર સિક્યુરિટી, ડેટા સાયન્સ, ફોરેન્સિક ઈન્વેસ્ટિગેશન જેવા વિષયોની ખૂબ જ માંગ રહેલ છે.એ જોતા સ્વામિનારાયણ યુનિવર્સિટી દ્વારા સાઈબર સાઈબર ઓક્ટેડ પ્રાઈવેટ લિમિટેડ જેવી નામાંકિત મલ્ટી નેશનલ કંપની સાથે કરાર કરી અને નજીકના સમયમાં આ પ્રકારના અગત્ય નો કોર્સિસ ચાલુ કરી અને એક એડવાન્સ લેબોરેટરી સેન્ટર ઓફ એક્સના ભાગરૂપે બનાવવામાં આવશે.

ભાઈજીપુરા કંજરી હોટલ પાસેથી પલ્સર બાઈકની ચોરી

ગાંધીનગર,તા.૪

ગાંધીનગરના ભાયજીપુરા ચાર રસ્તા નજીક હોટલ કંજરી પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા પલ્સર બાઈકની ચોરી થવા પામી છે. બપોરે બે વાગે બાઈક પાર્ક કરી મિત્ર સાથે અમદાવાદ જઈને સાંજે પાંચ વાગે પરત આવીને જોયુ તો બાઈક ગાયબ હતું. યુવકે રૂ.૨૫ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ બી પ્લોટ નં.૭૧૧-૨ ખાતે રહેતા સ્નેહલકુમાર અશોકભાઈ સોલંકી પરિવાર સાથે રહું છુ અને કોબા બેંક ઓફ બરોડા ખાતે વિમાનું કામ કરુ છું. જયારે યુવક પાસે પલ્સર બાઈક નં.જી.જે.૨૪.એ.બી.-૮૧૫૧ હતું. યુવક બાઈકનો ઉપયોગ પોતાના કામ માટે કરતો હતો.જયારે ગઈકાલે બપોરના પીડીપીયુ ચોકડી પાસે કંજરી હોટલ પાસે પલ્સર બાઈક પાર્ક કરી યુવક મિત્રના બાઈક પાછળ બેસીને ચાંદખેડા ગયો હતો.જયારે કામ પુરુ કરીને સાંજના ૫ વાગે પરત આવીને જોયુ તો કંજરી હોટલ પાસે ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલુ બાઈક દેખાયુ ન હતું. જેથી બાઈક અંગે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી પરંતુ બાઈક મળી આવ્યું ન હતું. ત્યારે અજાણ્યો શખ્સ બાઈક ચોરી કરી પલાયન થઈ જતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

MHLC 01-001281-2022

जाहिर नोटीस

जावक क्र. ५०४७/२०२३
कामगार न्यायालय, मुंबई
नवीन प्रशासकीय इमारत,
तळ मजला, शासकीय वसाहत,
वांद्रे (पूर्व), मुंबई - ४०००५७
दिनांक : ३०/०३/२०२३

कर्माचारी भरपाई आयुक्त, मुंबई और १०वे कामगार न्यायालय, मुंबई
श्रीम. एन. एस. आणेकर, इनके सामने
अर्ज (नुकसान भरपाई अर्ज) क्र. २०७ / सी-४९/२०२२

Mr. Paghu Ram Prabhu Dayal Choaurasiya.
3rd Lane,Darukhana, Byculla, Mumbai 37 ...आवेदक

विरूद्ध

M/s. VIDHI SALES
B/302, Pramukh Milan Samarwani
Silbasa, UT of Dadra Nagar Havel,
And Daman Diu - 396 230
and
ROYAL SUNDARAM GEN. INS. CO. LTD.
"Delphi" "C" Wing, 2nd Floor,
201-204, Hiranandani Business Park,
Powai, Mumbai - 400076 ...प्रतिवादी

सूचना

इस सुचना के द्वारा अवगत किया जाता है की, उपर दिये गये आवेदक का काम करते समय दि. ५/०७/२०२१ को दुर्घटना में गंभीरस्वरुप में जख्मी हो गये । इसलिए आवेदकने रू. १५,५९,८५०/- इतनी नुकसान भरपाई की रक्कम के लिए श्रमिक भरपाई आयुक्त व मा. न्यायाधीश ९ वे कामगार न्यायालय, मुंबई यहा पर अर्जी दाखिल कि है । प्रतिवादी क्र. ७ का पता न मिलने के अभाव कारण उनको नोटिस नही दी गई.

इसलिए **Mr. Paghu Ram Prabhu Dayal Choaurasiya. 3rd Lane, Darukhana, Byculla, Mumbai - 400 037** प्रतिवादी क्र. ७ इनको अतः इस सुचना तहत अवगत किया जाता है की, आप अथवा आप के तरफ उपस्थित वकील अथवा अधिकृत प्रतिनिधि द्वारा मा. न्यायाधीश ९ वे कामगार न्यायालय इनके सामने **दि. २०/०४/२०२३** को सुबह **११.००** बजे उपस्थित रहे ।

अगर उपर नमुद किए हुए दिनांक को न्यायालय मे उपस्थित नही रहे तो मा. न्यायालय आपके अनुपस्थिती मे दावा चलाकर योग्य वो आदेश किए जायेगे, यह आप ध्यान रखे ।

दिनांक : २४/०३/२०२३ तहत हस्ताक्षर शिक्का सहीत हस्ताक्षर कि गयी है ।

शिक्का

आदेशावरून
सही/-
सचिव
कामगार न्यायालय, मुंबई

jyc 23/03/23

વ્યાજખોરોનો ત્રાસ : ૩૫ લાખની સામે ૭૩ લાખ પડાવ્યા છતાં ૪૬ લાખની ઉઘરાણી

વ્યાજખોર મિત્રે દર મહિને ૩ લાખનું વ્યાજ વસુલ્યુ : ગીરવે મુકેલી ગાડી બારોબાર વેચી મારી

ગાંધીનગર, તા.૪

કોરોનાના કપરા સમયમાં ધંધો બંધ રહેતા કુડાસણ રહેતા યુવકે રૂ.૩૫ લાખ વ્યાજે લીધા હતા. વ્યાજખોર મિત્રએ દર મહિને રૂ.૩ લાખ વ્યાજ પેટે લઈ અત્યાર સુધીમાં યુવક પાસેથી રૂ.૭૩ લાખ પડાવી લીધા છે. તેમ છતા ગીરવે મુકેલી ગાડીઓ પણ વ્યાજખોર મિત્રએ બારોબાર રૂ.૧૪ લાખમાં વેચી મારી છે. ત્યારે હજુ યુવક પાસે બાકી રૂ.૪૬ લાખની ઉઘરાણી કરતા વ્યાજખોર મિત્ર સામે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કુડાસણ વિસ્તારમાં કેશવ આરાધ્યમ ઈ-૪૦૨ ખાતે રહેતા ભાવનાબા ગીરીરાજસિંહ વાઘેલા પરિવાર સાથે રહે છે. તેમના પતિ ગીરીરાજસિંહ સ્કોડ યા નામની શેરબજારની ઓફિસ ધરાવતા હતા. પરંતુ કોરાના સમય થી તે બંધ કરી દીધી છે. વર્ષ ૨૦૧૬ માં ગીરીરાજસિંહને ધંધામાં રૂપીયાની જરુરીયાત ઉભી થતા તેમના મિત્ર લક્ષ્મણસિંહ રામલ જાટ (સેકટર-૧૩ પ્લોટ નં.૫૦૬/૨) પાસેથી વ્યાજે રૂપીયા લીધા હતા. ત્યારબાદ ભાવનાબા ને તેમના જેઠ રાજેન્દ્રસિંહે બેંકમાંથી આવેલી નોટીસો આપી હતી. આ નોટીસ ગાડી અને બાઈક મુદ્દે હતી. જેથી તેણીએ પતિ ગીરીરાજસિંહને પુછપરછ કરતા જાણવા મળ્યું કે આ તમામ વાહનો હાલમાં સેકટર-૧૩ લક્ષ્મણસિંહ જાટના પાસે ગીરવે મુકેલા છે. જયારે લક્ષ્મણસિંહને પુછતા તેણે પણ રૂપીયા આપી વાહનો લઈ જવાની વાત કરી હતી. ત્યારે ગીરીરાજસિંહે વાત કરતા જણાવ્યું હતું કે વાહન ગીરવે મુકી પૈસા લેવાના હોય તો પાંચ ટકા વ્યાજ અને વાહન વિના દશ ટકા વ્યાજે રૂપીયા આપતા હતા. લક્ષ્મણસિંહે ભુતકાળમાં ગીરીરાજસિંહને રૂ.૩૫ લાખ વ્યાજે આપ્યા હતા. તેની સામે ગીરીરાજસિંહ અને તેમના મિત્ર વૈભવ ગોસ્વામી પાસેથી માસિક રૂ.૩ લાખ લેખે અત્યાર સુધીમાં રૂ.૭૩ લાખ ચુકવ્યા છે. જયારે સપ્ટેમ્બર-૨૦૨૨ થીજ્જાય આપવાનું બંધ કરતા લક્ષ્મણસિંહે ગીરીરાજસિંહને અને તેમના મિત્ર વૈભવ ગોસ્વામી પાસેથી પાંચ ગાડી અને બે બાઈકના વિવિધ ત્રણ લખાણ કરાવી લીધા હતા. જેમાં એક વર્ના અને હોન્ડા સીવીક ગાડી હતી.જે લક્ષ્મણસિંહે બારોબાર વેચી મારીને રૂ.૧૪ લાખ લઈ લીધા હતા. જયારે ભાવનાબા એ વાહનો પરત કરવા અંગે કહેતા લક્ષ્મણસિંહ અલગ અલગ વ્યકિતના નામે ધમકી આપી કેસ કરવાનું કહેતો હતો. હાલમાં પણ ગીરીરાજસિંહ પાસે રૂ.૩૨ લાખ અને વૈભવ ગોસ્વામી પાસે રૂ.૧૪ લાખની ઉઘરાણી કરતો હોવાથી ભાવનાબા એ ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોધાવી છે.

રીલાયન્સ ચોકડી પાસે પાન પાર્લર પાસેથી સટ્ટોડીયો ઝડપાયો

ગાંધીનગર,તા.૪

કુડાસણ રીલાયન્સ ચોકડી પાસે વાઉ પાન પાર્લર પાસેથી ખુલ્લી જગ્યામાં આઈપીએલની મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા સટ્ટોડીયાને ઝડપી પાડ્યો છે. પોલીસે સટ્ટોડીયા પાસેથી રૂ.૩ હજારનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર કુડાસણ રીલાયન્સ ચોકડી પાસે આવેલા વાઉ પાન પાર્લર પાસે એક સટ્ટોડીયો આઈપીએલની ચાલી રહેલી મેચ ચેન્નઈ સુપર કીંગ્સ અને લખનઉં જાયન્ટ પર ઓનલાઈન સટ્ટો રમતા હતો. પોલીસે બાતમીને પગલે પકડી પાડી તેનું નામ પુછતા તેણે અમદાવાદ કુબેરનગર ખાતે રહેતો રોહન ડાહ્યાભાઈ પટેલ હોવાનું જણાવ્યું હતું. મોબાઈલ ફોનની સ્ક્રીન પર જોતા આઈડીયા ૭૭૭૭ સાઈટ ખુલેલી હતી. જયારે જીએએલએસએસ ૧૨૩ ૧૨૩ નામના આઈડી થી લોગીન થયો હતો. આઈપીએલની મેચનો સ્કોર ઓનલાઈન દેખાઈ રહ્યો હતો. જયારે બીજા કોલમમાં સટ્ટો બેટીંગના વિવિધ ભાવ દર્શાવ્યા હતા. પોલીસે સટ્ટોડીયાનો રૂ.૩ હજારનો ફોન કબ્જે કરી જુગારધારાનો ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

અત્યારે સ્વાતંત્ર્ય દિન કે ગણતંત્ર દિન જેવા કોઈ રાષ્ટ્રીય પર્વો ન હોવા છતાં શહેરભરમાં ફરતી તિરંગા લગાવેલી રીક્ષા સૌનુ ધ્યાન આકર્ષિત કરી રહી છે. રીક્ષાવાળાનો તિરંગા પ્રત્યેનો પ્રેમ તેની આ સજાવટમાં જોવા મળે છે.

લીંબડીયા ગામના હાઈવે પરના સર્વિસ રોડ પર મસમોટા ખાડા

અકસ્માતોની વણથંભી વણઝાર : વાહનચાલકો ખાડામાં પડવાથી ગંભીર ઇજા થવાના બનાવો વારંવાર બને છે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર તાલુકાના લીંબડીયા ગામના નજીક સર્વીસ રોડપર છેલ્લા એક માસથી મસમોટા જોખમી ખાડા ખોદીને હાઈવે તંત્ર ના માણસો કામ અધુરું મૂકી ને જતા રહ્યા છે આવા મોત ના કુવા સમાન ખાડામાં અનેક વાહનચાલકો પડી જવાના કિસ્સામાં હાથ પગ ફેક્ચર થયા છે.

આ અંગે લિબડીયા ગામના પૂર્વ સરપંચ હર્ષદ ભાઈ પટેલ તંત્રને દયાન દોરવા છતાં ઘોર નિંદમાં ખાડા પ્રત્યે કોઈ ગંભીરતા અંગે વિચારતું નથી આ જોખમી ખાડાની જવાબદારીઓ કોના શિરે છે તે સમજવા જેવું છે

ચરેડીમાં છાપરુ હટાવવાની મારામારીમાં વડીલનું મૃત્યુ થતા હત્યાનો ગુનો નોંધાયો

ચરેડી વિસ્તારમાં દંપતિએ માથાકુટ કરી વડીલને ગડદાપાટુનો માર માર્યો હતો

ગાંધીનગર, તા.૪

શહેરના ચરેડી છાપરા વિસ્તારમાં છાપરુ હટાવી લો કહીને પાછળના ભાગે રહેતા દંપતિએ વયોવૃધ્ધ સસરા અને તેમની પુત્રવધુને ગડદાપાટુનો માર માર્યો હતો. જેમાં વયોવૃધ્ધ વડીલને શરીરમાં આંતરીક ઈજા પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા.જયાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. ત્યારે બનાવ્ અંગે તેમની પુત્રવધુએ સેકટર-૨૧ પોલીસ મથકે ગુનો નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૨૮ પાણીની ટાંકી ચરેડી છાપરા વિસ્તારમાં મુળ વિજાપુરના લાડોલ ગામના શિલ્પાબેન શૈલેષજી ઠાકોર (ઉં.૪૦) પરિવાર સાથે રહે છે. જયારે તેમના પરિવારમાં બાળકો અને તેમના વયોવૃધ્ધ સસરા છે. જયારે શિલ્પાબેન ઘરકામ કરે છે અને તેમના પતિ દરજીકામ કરી જીવનનુ ગુજરાન ચલાવે છે. તેઓના છાપરાની પાછળ મદ્રાસી છાપરુ આવેલું છે. તે છાપરામાં છેલ્લા સાત માસથી ઈરફાનશા ઈમામસા ફકીર તેની પત્ની ગુલશનબાનું અને તેમના બાળકો સાથે ભાડે થી રહે છે. આ દંપતિને અમારુ છાપરુ નડે છે તેમ કહી બોલાચાલી કરી છાપરુ હટાવી લેવા કહેતા હતા. ત્યારે ગત તા. ૨૬ માર્ચના રોજ બપોરના સમયે તેણીના પતિ બજારમાં ગયા હતા. તે સમયે છાપરૂ હટાવી લેવાની બાબતે સામાન્ય માથાકુટ થઈ હતી. જેમાં છાપરૂ નડતુ હોવાનું કહીને પાછળ રહેતા દંપતિએ મહિલા અને તેના સસરાને તમને કેટલીવાર કહેવાનું છાપરુ હટાવી લો તેમ કહી ગાળાગાળી કરી ગડદાપાટુનો માર માર્યો હતો. પરંતુ પુત્રવધુ અને સસરાને બેઠો માર વાગ્યો હોવાથી ઘરગથ્થુ સારવાર કરી હતી. પરંતુ તેણીના સસરાને પેટમાં દુખાવો અને ઉલ્ટીઓ થતા ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા.જયાં વયોવૃધ્ધ વડીલનું સારવાર દરમિયાન મૃત્યુ થતા મહિલાએ દંપતિ સામે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોધાવી છે.

ઓશીયન કન્ટેનર યાર્ડની સામે પાર્ક કરેલા ટ્રેલરની ચોરી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં વાહનચોરીના બનાવનું પ્રમાણ ખુબ જ વધી જવા પામ્યું છે. ઘર પાસે પાર્ક કરેલા ટું-વ્હીલર તો સલામત રહ્યા નથી. ત્યારે જમીયત પુરા ગામની સીમમાં ઓશીયન કન્ટેનર યાર્ડની સામે રોડની સાઈડમાં ખુલ્લી જગ્યામાં પાર્ક કરેલા તોંતિગ ટ્રેલરની ચોરી થવા પામી છે. ટ્રેલરની ચોરી થતા પોલીસ પણ ચોંકી ઉઠી છે.ત્યારે માલિકે રૂ.૬.૫૦ લાખના ટ્રેલર ચોરી અંગે અડાલજ પોલીસમ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ નારણપુરા ખાતે રહેતા વિમલકુમાર રમેશચંદ્ર વૈધ (ઉં.૫૫) પરીવાર સાથે રહીને ટ્રાન્સપોર્ટનો વેપાર કરે છે. તેઓ જમીયતપુરા ગામની સીમમાં સ્થિત ખોડીયાર કન્ટેનર ડેપો ખાતે જય હાટકેશ ટ્રાન્સપોર્ટ કંપની ચલાવે છે. તેઓની પાસે અશોક લેલન કંપનીના કન્ટેનરો છે તે ઓર્ડર મુજબ ફેકટરીઓ માટે લઈ જવા તેમજ લાવવાની વ્યવસ્થામાં ઉપયોગ કરવામાં આવે છે. તેઓની પાસે ટ્રેલર નં. જી.જે.૦૯.વી.૯૬૪૮ અને તે ઉપરાંત બે ટ્રેલર છે. ગત તા.૧૨ માર્ચ ૨૦૨૩ ના રોજ સવારે નવ વાગે ખોરજ ખોડીયાર કન્ટેનર ડેપોથી ઉપરોક્ત ટ્રેલર ખાલી લઈને ડ્રાઈવર લાલસિંહ ધુળસિંહ પરમાર (રહે ખોરજ મારૂતિ નંદન એપાર્ટમેન્ટ) ચાંગોદર જીઆઈડીસી ક્રાઉન ડેકોર ફેકટરી ગયા હતા. ત્યાથી સાંજના કેન્ટેનર ભરીને લઈ સાંજના સાત વાગે આઈસીડી ખોડીયાર કન્ટેનર ડેપોમાં ભરેલુ કન્ટેનર ખાલી કરી ટ્રેલર ઓશીયન કન્ટેર યાર્ડની સામે રોડની સાઈડમાં ખુલ્લી જગ્યામાં પાર્ક કરી તે ડ્રાઈવર ઘરે ગયો હતો. ત્યારબાદ તા.૧૫ માર્ચના રોજ સાંજના સાડાસાત વાગે ડ્રાઈવરે ઘરે જતી વખતે ટ્રેલર જોયુ હતું. જયારે તા.૧૬ માર્ચના

સેક્ટર-૨૨ ફિઝિયોથેરાપી સેન્ટરની સામે રોડ સાઈડ પર કચરાનો મસમોટો ઢગલો પડ્યો રહે છે. એંઠવાડ અને કચરો ખાવા ગાયોનો અહીં કાયમ જમાવડો રહે છે.

ઈતિહાસની એરણ પર અમદાવાદ વિષય પર ગૂજરાત વિદ્યાપીઠ ખાતે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૪

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ દ્વારા દર મહિનાના પ્રથમ સોમવારના રોજ શતાબ્દી વ્યાખ્યાન શ્રેણી માં કુલપતિ સ્મૃતિ

વ્યાખ્યાન નું આયોજન કરવામાં આવે છે. એપ્રિલ ૨૦૨૩ ના પ્રથમ સોમવારના રોજ શ્રી મોરારજી દેસાઈ સ્મૃતિ વ્યાખ્યાન ઈતિહાસ અને સંસ્કૃતિ વિભાગ દ્વારા આયોજિત કરવામાં આવ્યું હતું. તેમાં ઈતિહાસની એરણ પર અમદાવાદ વિષય પર પ્રો. ડૉ.સુભાષ બ્રહ્મભટ્ટ એ અમદાવાદ ના વિવિધ નામોથી શરૂ કરી આઝાદીની ચળવળ માં અમદાવાદની ભૂમિકા, અમદાવાદ નો ક્રમ બદ્ધ ઈતિહાસ, સ્થાપત્યો, વિશેષતાઓ, શ્રેષ્ઠીઓ, અમદાવાદ ની અર્થ વ્યવસ્થા, બજાર, લોકો, મહાજન, વિવિધ પોળો વગેરે વિવિધ સંદર્ભ સાહિત્ય ના ઉલ્લેખો સહિત વિગતે ચર્ચા કરી હતી. આ કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને ગૂજરાત વિદ્યાપીઠ ના કુલનાયક ડૉ.ભરતભાઈ જોશી, કુલ સચિવશ્રી ડૉ.નિખિલ ભાઈ ભટ્ટ, ઈતિહાસ વિભાગના અધ્યક્ષ ડૉ.કનૈયાલાલ નાયક અને મહાનુભવો, અધ્યાપકશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરુઆત વિદ્યાપીઠ સૉંગ થી કરી હતી. ત્યારબાદ સુતરની આંટિથી મહેમાનોનું સ્વાગત, શાબ્દિક સ્વાગત અને પરિચય કુલસચિવ શ્રી ડૉ.નિખિલ ભાઈ ભટ્ટે કર્યું હતું. પ્રાસંગિક ઉદબોધન ડો.કનૈયાલાલ નાયક એ કર્યું હતું. વક્તા શ્રી ડૉ.સુભાષ બ્રહ્મભટ્ટ એ ઈતિહાસની એરણ પર અમદાવાદ વિષય પર વ્યાખ્યાન આપ્યું. કાર્યક્રમના અધ્યક્ષ કુલનાયક શ્રી પ્રોફેસર ડૉ.ભરતભાઈ જોશી એ અધ્યક્ષીય પ્રવચનમાં વિવિધ પ્રસંગો અને સ્થાનિક ઈતિહાસ ની વાતો તથા નવી શિક્ષણ નીતિ ૨૦૨૦ ની વિવિધ બાબતોમાં સ્થાનિક ઈતિહાસ ને સ્થાન આપ્યું છે. તેની ઉદાહરણ સહિત રસપ્રદ પ્રવચન આપ્યું હતું. કાર્યક્રમ નું આભાર દર્શન ડૉ.મોતીભાઈ દેવું એ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. વિક્રમસિંહ અમરાવત એ કર્યું હતું. આ કાર્યક્રમ માં ડૉ.સંજય ભાઈ મકવાણા તથા મુંજાલ ભીમદાડકર અને સમગ્ર ઈતિહાસ વિભાગ ની મહત્વની ભૂમિકા રહી હતી.

ખૂણેખાંચરેથી

- આજે રજાના દિવસે જિલ્લા સબરજીસ્ટ્રારની કચેરી ચાલુ રહી હતી અને ૨૦૦થી વધુ દસ્તાવેજ થયા હોવાનું જાણવા મળેલ છે.
- પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા યોજાનાર ક્લાર્ક સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાને લઈ અધિકારીઓની બેઠકોનો ધમધમાટ વધી જવા પામ્યો છે.
- ગાંધીનગર શહેરમાં ગરમીનો પારો ઉંચકાયેલો જણાયો હતો.
- શાકભાજીના ભાવો આસમાને પહોંચતા ગૃહીણીઓનું બજેટ ખોરવાયુ છે.
- ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં કચરાપેટીઓ નહિ ઉપડતાં ગંદકીના ઢગ ખડકાયા છે.
- મનપામાં વળતર યોજના મિલ્કતવેરામાં અમલની જાહેરાત સાથે પ્રથમ દિવસે અર્થાત સોમવારે રૂ. ૧૦ લાખની આવક નોંધાઈ છે.
- જી.સ્વાનનું નેટવર્ક વારંવાર ખોરવાઈ જતાં વિવિધ ઓફિસોમાં કામગીરી પર વિપરીત અસરો પડી રહી હોવાની ચર્ચા જાગી છે.
- ગાંધીનગરમાં પોલીસ એક યુવાનને મોબાઈલમાં ક્રિકેટનો સટ્ટો રમતો ઝડપી લીધો છે.
- ખોરજ ગામે બાઈકચાલકે એક્ટીવાને ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો.
- જમીયતપુરા ગામે તસ્કરો ટ્રેક્ટરની ટ્રોલી ચોરી કરી પલાયન થયાની ઘટના નોંધાઈ છે.
- દહેગામના સગદલપુર ગામે રાજકીય અદાવત રાખી બે શખ્સોએ વૃદ્ધને ધમકી આપી.
- માણસા ખાતે રહેતા આધેડ પર સામાન્ય બાબતે ત્રણ શખ્સોએ હુમલો કર્યાની ઘટના પોલીસમાં નોંધાઈ છે.
- સાદરા ગામના ઈન્દિરાનગર નજીકથી જુગાર રમતા ત્રણ શકુનીઓને પોલીસે ઝડપ્યા છે.
- જિલ્લામાં ભગવાન મહાવીર સ્વામીના ૨૬૨૧મા જન્મકલ્યાણકની શ્રદ્ધાભેર ઉજવણી કરાઈ છે.
- સરગાસણ બ્રીજ નીચે પાર્ક કરેલી બાઈક ગઠિયો ચોરી કરી પલાયન થયાની ઘટના નોંધાઈ છે.
- ૫ મીએ વિસનગરા નાગર સમાજ દ્વારા હાટકેશ જયંતિ નિમિત્તે લઘુરૂદ્ર સહિત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયુ છે.
- ગાંધીનગર શહેરમાં અને જિલ્લામાં વધતા જતા દબાણોની સમસ્યા તંત્ર માટે શિરદર્દ બની છે.
- ૬ાહુચરાજી પદયાત્રીઓ માટે છત્રાલમાં સેવા કેમ્પ યોજાયો.
- આજોલ પ્રા. શાળાના સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીનગરમાં હનુમાન જયંતિની ઉજવણીના આયોજનમાં ભક્તો મગ્ન બન્યા છે.